Seat No: ____________ No. of printed pages: 03

[34]

# SARDAR PATEL UNIVERSITY

**Bachelor of Arts (Semester: 2) On Demand Examination - 2023**

**Subject Code: UA02SGUJ 22** ગુજરાતી ભાષાકૌશલ- 2

Date:04/08/2023, Friday

Time: 02 :00 P.M. To 05 :00 P.M. Total: 70 Marks

---

પ્રશ્ન : **1.** નીચેનામાંથી કોઈ એક નિબંધ લખો. (કુલ ગુણ : 20)

1. સમાજ નિર્માણથી રાષ્ટ્રીય નિર્માણ
2. નવી શિક્ષણ નીતિ-2020

પ્રશ્ન : **2.** નીચેનામાંથી કોઈ દસ શબ્દોના વિરુદ્ધાર્થી શબ્દો આપો. (કુલ ગુણ : 10)

1. અધમ 2. અનાથ 3. ઉપકાર 4. ક્ષણિક 5. ટોચ 6. પ્રવૃત્તિ 7. મુદ્રિત
8. યાચક 9. સ્થાવર 10. સક્રિય 11. સંધિ 12. સત્યાગ્રહ 13. વકીલ 14. લાઘવ
15. વક્તા 16. નીતિ 17. જડ 18. આયાત 19. અસલ 20. ગદ્ય

પ્રશ્ન : **3.** નીચેના પ્રશ્નોના માંગ્યા મુજબ જવાબ આપો.

(અ) નીચેમાંથી કોઈ પાંચ કહેવતનો અર્થ આપી, વાક્યમાં પ્રયોગ કરો. (કુલ ગુણ : 10)

1. ગરદન મારવી 2. ઘાસ કપવું
3.જળ મૂકવું 4. ડંકો વગાડવો
5. ઠંડા પાણીએ નાહી નાખવું 6. હાથ લાંબા હોવા
7. દાઢીમાં હાથ ઘાલવો 8. છક્કા છૂટી જવા
9. નાડ પકડવી 10. લોઢાના ચણા ચાવવા

(બ) નીચેમાંથી કોઈ પાંચ રૂઢિપ્રયોગનો અર્થ આપી, વાક્યમાં પ્રયોગ કરો. (કુલ ગુણ : 10)

1. ગરદન મારવી 2. ઘાસ કપવું
3.જળ મૂકવું 4. ડંકો વગાડવો
5. ઠંડા પાણીએ નાહી નાખવું 6. હાથ લાંબા હોવા
7. દાઢીમાં હાથ ઘાલવો 8. છક્કા છૂટી જવા
9. નાડ પકડવી 10. લોઢાના ચણા ચાવવા.



(P.T.O.)

પ્રશ્ન : 4. નીચેના કાવ્યનો આસ્વાદ કરવો. (કુલ ગુણ : 20)

## છેલ્લું દર્શન

ધમાલ ન કરો, - જરા ય નહિ નેન ભીંનાં થશો,-
ઘડી બે ઘડી મળી – નયનવારિ થંભો જરા,-
કૃતાર્થ થઈ લો, ફરી નહિ મળે જ સૌંદર્ય આ,
સદા જગત જે વડે હતું હસન્તું માંગલ્ય કો
ધમાલ ન કરો, ધરો બધી સમૃદ્ધિ માંગલ્યની
ધરો અગરુ દીપ ચંદન ગુલાલ ને કુંકમ
ધરો કુસુમ, શ્રીફળો, ન ફરી જવને આ થવો
સુયોગ અણમૂલ સુંદર સુહાગી માંગલ્યનો
ધમાલ ન કરો, ન લો સ્મરણ કાજ ચિહ્નને કશું,
રહ્યું વિકસતું જ અન્ત સુધી જેહ સૌંદર્ય, તે
અખંડ જ ભલે રહ્યું હૃદયસ્થાન તેનું
ન સંસ્મરણ વા ન કો સ્વજન યે કદી પૂરશે.
મળ્યાં તુજ સમીપ અગ્નિ તુજ પાસ જુદાં થિયેં,
કહે અધિક ભવ્ય મંગલ નથી શું એ સુંદરી

-રામનારાયણ વિ. પાઠક 'શેષ'

પ્રશ્ન : 4. અથવા

## વળાવી બા આવી

રજાઓ દીવાળી તણી થઈ પૂરી, ને ઘર મહીં
દહાડાઓ કેરી સ્ખલિત થઈ શાંતિ પ્રથમની.
વસેલાં ધંધાર્થે દૂરસુદૂર સંતાન નિજનાં
જવાનાં કાલે તો, જનકજનની ને ઘર તણાં
સદાનાં ગંગાસ્વરૂપ ઘરડાં ફોઈ, સહુએ

લખાયેલો કર્મે વિરહ મિલને તે રજનીએ
નિહાળ્યો સૌ વચ્ચે નિયત કરી બેઠો નિજ જગા,
ઉવેખી એને સૌ જરઠ વળી વાતે સૂઈ ગયાં.

સવારે ભાભીનું ભર્યું ઘર લઈ ભાઈ ઊપડ્યા,
ગઈ અર્ધી વસ્તી, ઘર થઈ ગયું શાંત સઘળું,
બપોરે બે ભાઈ અવર ઊપડ્યા લેઈ નિજની
નવોઢા ભાર્યાઓ પ્રિયવચનમંદસ્મિતવતી,
વળાવી બા આવી નિજ સકલ સંતાન ક્રમશઃ,
ગૃહવ્યાપી જોયો વિરહ, પડી બેસી પગથિયે.

– ઉશનસ્

*******